# દાઝ્યા ઉપર



- જખમ, ઘા, ગુમડાં, ચાંદા, શીતળા - જેમાં બહુ બળતરા થતી હોય તો તેમાં ચોખાનો બારીક લોટ પાઉડરની જેમ ચાંદા પર લગાડવાથી દાહ , બળતરા મટે છે.
- દાઝેલા ઘા પર છૂંદેલો કાંદો તરત જ લગાડવાથી તરત જ આરામ થાય છે.
- રાઈના લોટને ઘી-મધમાં મેળવીને કાંટો કે કાચ વાગ્યો હોય તેના પર લેપ કરવાથી કાંટો કે કાચ બહાર આવી જાય છે.
- દાઝ્યા ઉપર ફોલ્લા પડ્યા પહેલા કાચું બટાટુ લઇ પથ્થર પર લસોટી તેનો લેપ લગાડી દેવો. આનાથી દાઝ્યાની વેદના અને બળતરા સમી જાય છે. અને ફોલ્લા થતા નથી ને ડાઘા પડતા નથી. દિવસમાં ત્રણ-ચાર વાર આ લેપ કરવો.
- વડના પાનને ગાયના ઘીમાં વાટીને બળેલા ભાગ ઉપર તેનો લેપ કરવાથી તરત બળતરા મટે છે.
- દાઝ્યા ઉપર કેરોસીન લગાડવાથી ઘણી શાંતિ થાય છે. તથા જલદી રૂઝ આવે છે.
- દાઝ્યાના ફોલ્લા ઉપર પ્રથમ છાશ રેડવી અથવા ઠંડુ પાણી રેડવું. કુંવાર પાઠાની છાલ કાઢીને ઘાટો રસ દાઝ્યા પર લગાડતા રહેવો. આનાથી બળતરા ઓછી થાય છે અને જલદી રૂઝ આવે છે.
- ચણાના લોટનું પાતળું દ્રાવણ દાઝ્યા ઉપર સારું કામ કરે છે.
- દાઝેલા ઘા પર કકડાવેલું તેલ ચોપડવાથી ખૂબ ફાયદો થાય છે.
- દાઝેલા ઘા પર તરત જ કોપરેલ અથવા બટાકો કાપી ઘસવાથી ફોલ્લો થશે નહિ.
- દાઝેલા ઘા ઉપર તાંદળજાનો રસ ચોપડવાથી આરામ મળે છે.
- દાઝેલા ઘા પર મેંદીના પાનને વાટી પાણી સાથે પીસીને લગાડવાથી આરામ થાય છે.
- દાઝેલા ઘા પર ખૂબ પાકા કેળાને બરાબર મસળી , ચોંટાડી, પાટો બાંધવાથી તરત જ શાંતિ થાય છે અને આરામ મળે છે.
- દાઝેલા ઘા પર તુલસીનો રસ અને કોપરેલ ઉકાળીને ચોપડવાથી દાઝેલાની બળતરા મટે છે ફોલ્લા અને જખમ ઝડપથી રુઝાઈ જાય છે.
- ગરમ પાણી કે વરાળથી દાઝી જવાય તો તે ભાગ પર ચોખાનો લોટ છાંટવાથી ખૂબ આરામ થાય છે.
- દાઝેલા ઘા ઉપર ઈંડાની સફેદી લગાડવાથી ઘા રુઝાઈ જાય છે અને ડાઘ રહેતો નથી.

- દાઝેલા ઘા ઉપર પહેલા મધ ચોપડવું પછી ઇન્ગોરીયાના લાકડાની રાખ મીઠા તેલમાં મેળવી ચોપડવાથી રાહત થાય છે.
- દાઝેલા ઘા ઉપર પીપળાની સુકી છાલનું ચૂર્ણ ઘીમાં વાટી લેપ કરવો આરામ મળે છે.
- દાઝેલા ઘા ઉપર કેળના પણ તેલમાં ઉકાળી ચોપડવાથી ઘા રુઝાઈ જાય છે.
- દાઝેલા ઘા ઉપર તલના તેલમાં રાળ નાખી ખૂબ ઉકાળી ઘટ્ટ કરી મલમ બનાવી લગાડવાથી ઘા રુઝાઈ જાય છે.
- દાઝેલા ઘા ઉપર વાળ બાળી એલચીના તેલમાં ઘૂંટી લેપ કરવાથી રાહત થાય છે.
- દાઝેલા ઘા ઉપર ચૂનાનું નિતર્યું પાણી અને તલનું તેલ કે અળસીનું તેલ લગાડવા.
- વાગેલા ઘા પર હળદર દબાવી ઘામાંથી નીકળતું લોહી બંધ થાય છે.
- ફુલાવેલી ફટકડીનો પાઉડર ઘા પર નાખી પાટો બાંધવાથી ઘામાંથી નીકળતું લોહી બંધ થાય છે અને ઘા પાકતો નથી.
- લીમડાના પણ વાટી તેનો લેપ કરવાથી ઘા-જખમમાં પડેલા કીડા મરી જાય છે.
- તાજા ઘા પર જેઠીમધમાં મધ મેળવી કાલવીને ભરી દેવાથી જલદી રૂઝ આવે છે.